# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૧૦/૨૦૨૬ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૫૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૯૭ લીટર દેશી દારૂ, ૧૫૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૦ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ આયસર ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૪,૬૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૧૫૦૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૫૦૮/૨૦૨૬**

**સાયબર ક્રાઈમઃ** સુરેશચંદ્ર સ/ઓ બદ્રીપ્રશાદ પંચોલી (ઉ.વ.૮૬)(રહે.સાનીધ્ય બંગલો, બિલેશ્વર મહાદેવના મંદીરની બાજુમા, નિશાન બંગલો પાસે, સેટેલાઈટ) એ તા.૨૪/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૬ ના રોજ વોટ્સએપ નંબર +૯૧૯૭૨૩૭૮૦૯૪૨ ના ધારકે સુરેશચંદ્ર પંચોલીનાઓના મોબાઈલ ફોનમાં mParivahan નામની A.P.K ફાઈલ મોકલી ચેનકેન સુરેશચંદ્ર પંચોલીના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી લઈ સુરેશચંદ્ર પંચોલીના અલગ–અલગ બે બેન્ક ખાતામાંથી જુદા–જુદા ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૧૦,૭૭,૬૧૨/– તેઓના બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી લઈ સુરેશચંદ્ર પંચોલી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** કૃનાલ અતુલકુમાર ઠેકડી (ઉ.વ.૨૧)(રહે.શાહ કોલોની, બેસ્ટ હાઈસ્કુલ સામે, ભૈરવનાથ રોડ મણિનગર) એ તા.૨૪/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન જી.આઈ.ડી.સી.વટવા ફેઝ–૨, ખાતે આવેલ કૃનાલ ઠેકડી નાઓની “દત્ત કેમિકલ” નામની કંપનીમાંથી આરોપી ઈકોલોજીકો કેમીકલ ઈન્ડસ્ટ્રીસ ના પ્રોપરાયટર મોહિત સહાને તથા કર્મચારી/ભાગીદાર રવિકાંત શર્મા નાઓએ ભેગામળી કલર કેમિકલ કિમત રૂપિયા ૨૨,૨૫,૪૮૦/– ખરીદ કરી અન્ય વેપારીઓને વેચી દઈ તેના રૂપિયા મેળવી લઈ, કૃનાલ ઠેકડી નાઓની કંપનીને કલર કેમિકલના રૂપિયા નહી ચુકવી ગોડાઉન બંધ કરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.તડવી ચલાવે છે.

**વટવાઃ** દયારામ સ/ઓ રાજકુમાર રાય (ઉ.વ.૩૩)(રહે, સવીતાનગર વિંઝોલ ક્રોસીંગ રોડ વટવા) એ તા.૨૪/૧૦/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યકિતએ દયારામ રાયના મોબાઈલ ફોનમા મેસેન્જર એપ્લીકેશનમાં મેસેજ કરી કોઈ એપ્લીકેશન મોકલતા જે એપ્લીકેશન ડાઉનલોડ કરતા જેમાં એક રૂપિયાનું પેમેન્ટ કરવાનુ જણાવેલ પરંતું જે પેમેન્ટ દયારામ રાય નાઓએ નહી કરવા છતા દયારામ રાયનો મોબાઇલ ફોન હેક કરી, દયારામ રાયના બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૮૫,૧૦૮/- ટ્રાન્સફર કરી લઈ દયારામ રાય સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એ.વછેટા ચલાવે છે.

**મેઘાણીનગરઃ** વિશાલકુમાર મનહરભાઈ ગોહેલ (ઉ.વ.૩૯)(રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન કલાપીનગર મેઘાણીનગર) એ તા.૨૪/૧૦/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે વિશાલકુમાર ગોહેલ તા.૨૦/૧૦/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના મોબાઈલ ફોનમાં ફેસબુકનો ઉપયોગ કરી રહ્યા હતા ત્યારે ફેસબુકમાં વૉલ પેપર લગાવવાની એક લીન્ક આવતા જે લીન્ક ઓપન કરતા WALLORA નામની એપ્લીકેશન ડાઉનલોડ થઈ ગયેલ ત્યારબાદ બીજા દિવસે તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ વિશાલભાઈના મોબાઈલ ફોનમાં ગુગલ-પે એપ્લીકેશનમાંથી યુ.પી.આઈ.મારફતે ઓનલાઈન મધ્યમથી વિશાલભાઈના બેંક ખાતામાંથી અજાણી વ્યકિતએ બે ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરી લઈ વિશાલભાઈ ગોહેલ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.દેસાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર ચાદી નં.૧૫૦૯/૨૦૨૬**

**સરદારનગરઃ** ધર્માભાઈ નાથાભાઈ ઝંડાવાળા (ઉ.વ.૩૭) (રહે. નહેરૂનગરના છાપરાં ખોડીયાર માતાના મંદીર પાસે કુબેરનગર સરદારનગર) નાઓએ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૬ સાંજના ૦૬/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઈ જેસંગભાઈ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** વિનોબાભાવે નગર મ્યુ.કોર્પોરેશન વોટર ટ્રીટમેન્ટ પ્લાંટ સામે નવો રોડ ખુલ્લી જગ્યાએ ઝુપડાંમાં રહેતા રસુલભાઈ રામકુભાઈ મેદુરીયા (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ-ઢાંકણીયા તા.જી.બોટાદ) નાઓએ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી